ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત રાજ્ય શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
ગાંધીનગર.-૩૮૨૦૨૧
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩
E-mail: aspd-gcsess@gujarat.gov.in

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૬/ ૪૨૨૮-૨૯ તા.૨૪/૧૦/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લોઃતમામ.

વિષય: વોકેશનલ શાળાના આચાર્યશ્રીઓની તાલીમ બાબત.
સંદર્ભ: (૧) અત્રેની શાખાનો તા:૦૭/૦૭/૨૦૨૬નો પત્ર.
(૨) વોકેશનલ શાખાની તા:૦૩/૧૦/૨૦૨૬ની નોંધ પર માન.એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપને જણાવવાનું કે, સમગ્ર શિક્ષા એ.આર.&વી.ઈ. શાખા અંતર્ગત રાજ્યની ૨૮૧૩ જેટલી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુદા-જુદા ૨૦ ટ્રેડમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત છે.

વર્ષ-૨૦૨૬-૨૭ના બજેટમાં PAB દ્વારા ૧૦૭૩ શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન માટે મંજૂરી મળેલ છે. આશાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન કાર્યરત કરવા માટે અત્રેની શાખાના તા:૦૭/૦૭/૨૦૨૬ના પત્રથી તમામ જિલ્લાને સૂચના આપવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં મંજૂર થયેલ આશાળાઓમાં વોકેશનલ એજ્યુકેશનના અસરકારક અમલીકરણ માટે,

① વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત મળવાપાત્ર લાભો/ગ્રાન્ટ.
② વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત શાળાઓમાં પુસ્તકો, વોકેશનલ ટ્રેનર અને લેબની જોગવાઇ.
③ ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સૈદ્ધાંતિક અને વ્યવહારીક મૂલ્યાંકન માટેની પ્રક્રિયા.
④ વિદ્યાર્થી અને વોકેશનલ સંબંધિત રેકર્ડ સાચવવા માટે લાઈટ હાઉસ સબંધિત માહિતી.
⑤ વિદ્યાર્થીઓને કારકિર્દી સંબંધિત માર્ગદર્શન.
⑥ બેંક એકાઉન્ટ, ખર્ચ અને નિભાવવાના રેકર્ડ સંબંધિત માર્ગદર્શન.
⑦ ઔદ્યોગિક જોડાણ, ઇન્ટર્નશિપ અને આનુષંગિક બાબતો.

ઉપરોક્ત મુદ્દા ૧ થી ૭ અન્વયે વોકેશનલ શાળાના આચાર્યશ્રીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે સમગ્ર શિક્ષા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તજજ્ઞો તથા DET તજજ્ઞો અને અત્રેની કચેરીના હિસાબી શાખાના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવા માટે ત્રણ દિવસનું આયોજન નીચે મુજબ છે.

ક્રમ	સૂચક તારીખ	સંખ્યા	જિલ્લાઓના નામ
૧	૨૮/૧૦/૨૦૨૬	૩૬૩	AHMEDABAD, ANAND, GANDHINAGAR, KHEDA, MAHESANA, SURENDRANAGAR, VADODARA, xAMC, xVMC
૨	૨૯/૧૦/૨૦૨૬	૩૬૪	AMRELI, BHAVNAGAR, BOTAD, DEVBHOOMI DWARKA, DOHAD, GIR SOMNATH, JAMNAGAR, JUNAGADH, KACHCHH, MAHISAGAR, MORBI, NARMADA, PANCH MAHALS, PORBANDAR, RAJKOT, SABAR KANTHA, xRMC
૩	૩૦/૧૦/૨૦૨૬	૩૪૬	ARAVALLI, BANAS KANTHA, BHARUCH, CHHOTAUDEPUR, NAVSARI, PATAN, SURAT, TAPI, THE DANGS, VALSAD, Xsmc
	કુલ	૧૦૭૩.	

સમય : સવારે ૯:૩૦ થી ૫:૩૦

સ્થળ : નચિકેતા હોલ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

આ તાલીમમાં આવનાર શાળાના આચાર્ય/પ્રતિનિધિએ સરકારશ્રીના નિયમ મુજબ TA/DA શાળાની વર્ષ ૨૦૨૬-૨૭ના મંજૂર બજેટ office contingencies C-૨૭૦૮ ચાઈલ્ડ લિમિટમાંથી લેવાનું રહેશે.

વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત આ તાલીમમાં વોકેશનલ શાળાના આચાર્યશ્રીઓને હાજર રહેવા માટે આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે.

(ડો એમ.એમ.પટેલ)
એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ક્રમાંક RMSA/SEC.EDU./૨૦૨૬-૨૭/ ૧૭૧૧૨

તારીખ : ૧૭/૧૦/૨૦૨૬ /૦૭/૨૦૨૬

પ્રતિ બી.આર.સી કો. ઓર્ડીનેટરશ્રી સંબંધિત,
તાલકા:તમામ
જિલ્લો:- બનાસકાંઠા/વાવ થરાદ .

સંબંધિત વોકેશનલ શાળાને જાણ વ અમલ સારૂ:

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

સવિનય નકલ રવાના:
-માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સ્ટેટ પ્રોજેક્ટ કચેરી સમગ્ર શિક્ષા,ગાંધીનગર.